
# 7 લીનાનો પરિવાર


## લીનાના પરિવારનો મેળજોળ

લીના તેના પરિવાર સાથે એક ગામમાં રહે છે. તે તેના દાદા-દાદી, માતાપિતા અને ભાઈ શાનબોર સાથે રહે છે. તેના કાકાઓ, કાકીઓ અને પિતરાઇ ભાઈ-બહેનો તેમના ઘરની નજીક રહે છે.



લીના સ્ટૂલ પર ઊભી છે. તેને લાંબા દેખાવું ગમે છે. પરિવારના સૌથી ઊંચા સભ્યને શોધો અને વર્તુળ દોરો.

## લીનાના પરિવારે પરિવારના તમામ સભ્યોને મળવા માટે આમંત્રણ આપ્યું હતું.





### ચાલો ચર્ચા કરીએ

ક. લીનાના પરિવારમાં કેટલા સભ્યો છે?

ખ. કુટુંબના સૌથી ઊંચા સભ્ય પર ખરાની નિશાની કરો.

ગ. પરિવારના સૌથી નીચા સભ્ય પર ટોપી દોરો.

ઘ. કોણ લીનાની માતા કરતા ઉંચા છે પણ લીનાના પિતાજી કરતાં નીચા છે ?

ચ. તમારા કુટુંબમાં સૌથી ઊંચું અને સૌથી નીચું સભ્ય કોણ છે?

છ. તમારા વર્ગમાં સૌથી ઊંચું બાળક કોણ છે?

જ. તમારા વર્ગખંડમાં કેટલા બાળકો તમારા કરતા ઉંચા છે?

© NCERT not to be republished




લીના ડુંગરાળ વિસ્તારમાં ઝૂંપડા આકારના મકાનમાં રહે છે. શું તમે ચિત્રમાં તેના ઘરને શોધી શકો છો? ચિત્રને જોઈને સાચા વિકલ્પો પર વર્તુળ કરો :

ક. તેનું ઘર દુકાનથી **સૌથી નજીક/દૂર** છે અને **શાળાથી સૌથી નજીક/દૂર છે**.

ખ. શાળા દુકાનથી **સૌથી નજીક/દૂર** છે અને લાલ છતના મકાનોથી **સૌથી નજીક/દૂર** છે.

ગ. બાળક સ્કૂલ બસથી **સૌથી નજીક/દૂર** છે અને શાળાથી **સૌથી નજીક/ દૂર** છે.

© NCERT not to be republished

### અદ્ભુત હકીકતો

આ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા છે જેને 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' પણ કહેવામાં આવે છે. તે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા છે અને ભારતમાં ગુજરાત રાજ્યમાં સ્થિત છે.






## ચાલો કરીએ

ક. જે સૌથી લાંબું છે તેના પર ✓ ખરાની નિશાની કરો.

i.




ii.



ખ. જે સૌથી ટૂંકુ છે તેના પર ✓ ખરાની નિશાની કરો.

i.



ii.




ગ. જે સૌથી જાડું છે તેના પર ✓ ખરાની નિશાની કરો.

i.



ii.




ઘ. જે સૌથી પાતળું છે તેના પર ✓ ખરાની નિશાની કરો.

i.



ii.



© NCERT not to be republished

## વિચારો અને કરો

આના કરતાં પણ લાંબી લાકડી અથવા વાંસ દોરો —




આના કરતાં ટૂંકું દોરડું દોરો—




દાદી ચિત્રાના સ્વેટરની લંબાઈ હાથની વેંતથી ચકાસી રહ્યાં છે.





ચિત્રા હાથની વેંતનો ઉપયોગ કરીને લાકડી, મેજ, સીસાપેન અને નોંધપોથીની લંબાઈ પણ જાણવા માગે છે.









© NCERT not to be republished



## વિચારો અને જવાબ આપો

ક. મારું મેજ __________ વેંત લાંબુ છે.

ખ. મારું દફતર __________ વેંત લાંબુ છે.

ગ. મારા વર્ગખંડમાં કાળુંપાટિયું __________ વેંત લાંબુ છે.

ઘ. મારી ગણિતની ચોપડી __________વેંત લાંબી છે.

ચ. મારો હાથ __________ વેંત લાંબો છે.

છ. મારા મિત્રનો હાથ __________ વેંત લાંબો છે.

શું ચિત્રા આ બધી વસ્તુઓની લંબાઈ શોધવા માટે હાથની વેંતનો ઉપયોગ કરી શકે છે? જાણો કે તમારી આસપાસની કઈ વસ્તુઓ હાથની વેંત કરતા ટૂંકી છે અને તેના પર વર્તુળ દોરો. શું આપણે આંગળીઓનો ઉપયોગ આ વસ્તુઓની લંબાઈ શોધવા માટે કરી શકીએ?









© NCERT not to be republished



## ચાલો કરીએ

આ વસ્તુઓની લંબાઈ શોધવા માટે તમે હાથની વેંત અથવા આંગળીઓ બેમાંથી શું પસંદ કરશો અને શા માટે? કોષ્ટકમાં તમારા વિકલ્પો પર વર્તુળ બનાવો. આ વસ્તુઓની લંબાઈ શોધતાં પહેલાં અનુમાન કરવાનો પ્રયાસ કરો.

| વસ્તુઓનાં નામ | તમે શેનો ઉપયોગ કરશો તેના પર વર્તુળ બનાવો. | મારું અનુમાન | મારા તારણો |
|---|---|---|---|
| બાટલી |  handspan or fingers | | |
| ચમચો  |  વેંત કે આંગળીઓ | | |
| સીસાપેન  |  વેંત કે આંગળીઓ | | |
| મારા મિત્રનું નાક  |  વેંત કે આંગળીઓ | | |
| પગ  |  વેંત કે આંગળીઓ | | |
| ચાવી  |  વેંત કે આંગળીઓ | | |

© NCERT not to be republished

| પગલાં દ્વારા માપો | પગલાંનું મારું અનુમાન | પગલાંનાં મારા તારણો |
|---|---|---|
| મારી બેઠક અને વર્ગખંડના દરવાજા વચ્ચેનું અંતર | | |
| વર્ગખંડની બે દીવાલો વચ્ચેનું અંતર | | |
| પલંગ અને શૌચાલય  વચ્ચેનું અંતર | | |
| તમારા ઓરડાની બે દીવાલો વચ્ચેનું અંતર | | |






## ચાલો કરીએ


ક. ભારે વસ્તુઓ પર ✓ ખરાની નિશાની કરો.

i.





ii.





ખ. હલ્કી વસ્તુઓ પર ✓ ખરાની નિશાની કરો.

i.







ii.






© NCERT not to be republished

ગ. ભારે વસ્તુઓમાં રંગ પૂરો.


i.




ii.



iii.




iv.



ઘ. હલ્કી વસ્તુઓમાં રંગ પૂરો.

i.




ii.



iii.



iv.



## ચાલો ચર્ચા કરીએ

ક. તમારા અને તમારા મિત્રમાં કોણ ભારે છે? તમે કેવી રીતે શોધી કાઢશો? વર્ગમાં ચર્ચા કરો.

ખ. તમારું વજન શોધો. શું તમે કહી શકો છો કે તમારું વજન સામાન્ય રીતે કેવી રીતે અને ક્યાં તપાસવામાં આવે છે?

© NCERT not to be republished

## ચાલો કરીએ

### ક. ડોલમાં પાણી ભરો--



૧. ________ પાણીના જગ ડોલને ભરી દેશે.

૨. ________પ્યાલા પાણીની ડોલને ભરી દેશે.

૩. ________ વાટકા પાણીની ડોલને ભરી દેશે.

### ખ. નીચેના પ્રશ્નોના જવાબ આપો.

૧. તમારી પાણીની બાટલીમાં કેટલા પ્યાલા પાણી ભરાશે?


________


૨. હવે તમારા મિત્રની પાણીની બાટલીમાં એ જ પ્યાલાથી પાણી ભરો. તમારા મિત્રની બાટલીમાં કેટલા પ્યાલા પાણી ભરાશે?________

૩. કઈ બાટલીમાં વધુ પાણી ભરાય છે? ________

૪. બીજી બાટલીમાં પણ પાણી ભરી જુઓ. કઈ બાટલીમાં પાણી ઓછું સમાય છે?


### ગ. જેમાં વધુ પાણી સમાય છે તેના પર વર્તુળ બનાવો.











© NCERT not to be republished


## ઘ. પાણી આપણા માટે ખૂબ જ ઉપયોગી છે.ચર્ચા કરો.

આપેલ પ્રવૃત્તિઓ માટે તમારે જરૂરી પાણીની માત્રા પર ✓ ખરાની નિશાની કરો.

i.



દાંત સાફ કરવા માટે



પાણીથી ભરેલી ડોલ



પાણીથી ભરેલો મગ


ii.



સ્નાન કરવા માટે



પાણીથી ભરેલી ડોલ



પાણીથી ભરેલ ટાંકી


iii.



૨ પ્યાલા લીંબુ પાણી તૈયાર કરવા માટે



પાણીનો જગ



પાણીની એક ડોલ


iv.



છોડને પાણી પાવા માટે



પાણીનો મગ



પાણીની એક ડોલ

© NCERT not to be republished



## પ્રોજેક્ટ કાર્ય

ક. ફૂવારા અથવા વહેતા નળના પાણીને બદલે સ્નાન કરવા માટે ડોલમાં પાણી લેવું શા માટે મહત્ત્વનું છે તેની ચર્ચા કરો.

ખ. પટ્ટીનો એક ભાગ ટૂંકો અને બીજો ભાગ લાંબો કરવા માટે રંગબેરંગી કાગળની પટ્ટીઓને ફાડીને ચોંટાડો.પટ્ટીઓ જુદાજુદા માપની હોવી જોઈએ.

| **ટૂંકી**<br>આ ટૂંકી છે | **લાંબી**<br>આ લાંબી છે |
|---|---|
| | |

ગ. જે વસ્તુઓ ઊંચકવી સરળ છે અને જેમને ઊંચકવી મુશ્કેલ છે તેવી વસ્તુઓની યાદી બનાવો.

| **ઊંચકવામાં સરળ** | **ઊંચકવામાં મુશ્કેલ** |
|---|---|
| | |
| | |
| | |

ઘ. જુદી જુદી આકારની બાટલીઓ, વાટકા અને પ્યાલા ભેગા કરો. હવે જુઓ કે કેટલા પ્યાલા કે વાટકાથી પાણીની બાટલી ભરાય છે? કયા વાસણમાં સૌથી વધુ પાણી ભરાય છે?

બાળકોને પૂછો કે તેઓ એક દિવસમાં કેટલા પ્યાલા પાણી પીવે છે. તેમની આસપાસ થતા પાણીનો બગાડ વિશે બાળકો સાથે ચર્ચા કરો અને તેમને જાગૃત કરો. તેઓ જો પ્યાલામાં પાણી વધ્યું હોય તો તેઓ શું કરશે? આપણે તેને ફેંકી દેવું જોઈએ કે છોડને પાવું જોઈએ? પાણીને બચાવવા માટેની અન્ય બાબતોની પણ ચર્ચા કરો જેમ કે ઉપયોગમાં ન હોય ત્યારે નળ બંધ કરવો, પાણીનો ફરીથી ઉપયોગ કરવો વગેરે.



© NCERT not to be republished